ॐ

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ – ગુજરાત પ્રાંત

ડૉ. હેડગેવાર ભવન, બળીયાકાકા માર્ગ, જૂના ઢોર બજાર, કાંકરીયા, કર્ણાવતી – ૩૮૦૦૨૮

દૂરભાષ : - (૦૭૯) ૨૫૪૩૩૧૩૧, ૨૫૪૩૪૧૩૨

તિથિ : ચૈત્ર સુદ ચોથ, ૨૦૮૧
દિનાંક : ૦૧/૦૪/૨૦૨૫

**પરમ સ્નેહી શ્રી...**
**સસ્નેહ નમસ્કાર.**

આપણા સંઘકાર્યના વિકાસ અને વિસ્તારનો મુખ્ય આધાર કુશળ અને પ્રશિક્ષિત કાર્યકર્તાઓ છે. આવા કાર્યકર્તાઓનાં નિર્માણમાં સંઘ શિક્ષા વર્ગોનું વિશેષ મહત્વ છે. આ વર્ષે આ પ્રકારના ગુજરાતનાં સંઘ શિક્ષા વર્ગનું આયોજન ઉનાળાની રજાઓમાં કરવામાં આવેલ છે. આ વર્ગમાં આપ અપેક્ષિત છો. અવશ્ય ઉપસ્થિત રહેશો. વર્ગ માટેની અન્ય આવશ્યક સૂચનાઓ નીચે મુજબ છે.

## સંઘ શિક્ષા વર્ગ (સામાન્ય)

**સમયાવધિ** : યુગાબ્દ ૫૧૨૬, વૈશાખ સુદ બારસ થી વૈશાખ વદ તેરસ સુધી.
દિ. ૯ મે ૨૦૨૫, શુક્રવાર બપોરે ભોજન થી દિ. ૨૫ મે ૨૦૨૫, રવિવાર સવારે ૮ વાગે પૂર્ણ થાય ત્યાં સુધી.

**શુલ્ક** : ૭૦૦/- રૂ. વિધાર્થી કાર્યકર્તા માટે.
૧૦૦૦/- રૂ. વ્યવસાયી કાર્યકર્તા માટે. (વ્યવસાયી કાર્યકર્તા વિશેષ સહયોગ કરી શકે)

**પ્રવેશપાત્રતા** : આયુ ૧૬ વર્ષથી ઓછી કે ૪૦ વર્ષથી અધિક ન હોવી જોઈએ. (દિ. ૮/૦૫/૧૯૮૫ થી ૮/૦૫/૨૦૦૯ વચ્ચે જન્મ થયો હોવો જોઈએ)
પ્રાથમિક શિક્ષા વર્ગ શિક્ષિત અને ગટનાયક થી લઈને ઉપરના દાયિત્વમાં ન્યૂનતમ એક વર્ષ થી સક્રિય.

**પૂર્વ તૈયારી** : ગણવેશ (દંડ સહિત) પૂર્ણ કરીને લઈને આવવું.

**શારીરિક યોગ્યતા** : સમતામાં પુરસર, પ્રતિસર, સ્થિર વર્તન, સૂર્ય નમસ્કાર તથા દંડમાં શિરમાર, અધોમાર, પ્રહાર આવડવા જોઈએ.

**બૌદ્ધિક યોગ્યતા** : શાળાના વિધાર્થી માટે (૧) "ડૉ. હેડગેવાર" લેખક પ્ર.ગ. સહસ્ત્રબુદ્ધે
મહાવિદ્યાલય અને વ્યવસાયી શિક્ષાર્થી માટે (૧) **"ડૉ. હેડગેવાર"** લેખક પ્ર.ગ. સહસ્ત્રબુદ્ધે
(૨) **संघ और स्वतंत्रता संग्राम** લેખક નરેન્દ્ર સહગલ (નાની ચોપડી, સુરુચિ પ્રકાશન) પુસ્તકનું વાંચન કરીને આવવુ.
પ્રાર્થના તથા એક ગીત કંઠસ્થ કરવું જરૂરી છે.

| | |
|---|---|
| ➢ **દક્ષિણ ગુજરાત** (નવસારી, સુરત મહાનગર, ભરૂચ, વડોદરા, પંચમહાલ તથા નડિયાદ, વિભાગનાં શિક્ષાર્થી બંધુઓ)<br>➢ **વર્ગસ્થાન :** શ્રી સ્વામિનારાયણ સ્કૂલ, જી.ઇ.બી. સબ સ્ટેશન પાસે, આમોદ - સરભાણ રોડ, મુ.પો. – આમોદ, જીલ્લો:- ભરૂચ<br>➢ સંપર્ક સૂત્ર : ક્રિમેશભાઈ પટેલ (૮૧૨૮૫૨૭૭૧૯) | ➢ **ઉત્તર ગુજરાત** (કર્ણાવતી પૂર્વ, કર્ણાવતી પશ્ચિમ, ગાંધીનગર, મહેસાણા તથા બનાસકાંઠા વિભાગનાં શિક્ષાર્થી બંધુઓ)<br>➢ **વર્ગસ્થાન :** ભગવતી ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ – પાટણ એન.જી.ઈ.એસ. કોલેજ કેમ્પસ, રાજમહલ રોડ, પ્રાંત કચેરીની બાજુમાં, પાટણ.<br>➢ સંપર્ક સૂત્ર : રાજુભાઇ પ્રજાપતિ (૯૮૨૪૫૩૨૩૧૪) |

**ભવદીય**
**શૈલેષ પટેલ**
**(પ્રાંત કાર્યવાહ)**

## અન્ય સૂચનાઓ

- ગણવેશ ઉપરાંત પ્રભાત સંઘ સ્થાન માટે એક જોડી ચડ્ડી અને શર્ટ/ ટીશર્ટ સાથે લાવવું જરૂરી છે. (બરમુડા પ્રકારની ઈલાસ્ટીક કે નાડાવાળી ચડ્ડી શારીરિકમાં કે મેદાનમાં નહીં ચાલે.)
- પોતાના માટે આવશ્યક ઓઢવાનું, પાથરવાનું, થાળી, વાટકો, ગ્લાસ, નોટબુક, પેન, ન્હાવા-ધોવાનો તથા દાઢીનો સામાન, બુટ પોલીશ માટેનું બ્રશ, પોલીશની ડબ્બી વગેરે સાથે લાવવાં.
- ઘોષનું શિક્ષણ લેવા ઇચ્છનાર શિક્ષાર્થીએ અગાઉથી જિલ્લા કાર્યવાહની સંમતિ મેળવીને પોતાનું વાદ્ય સાથે લઈને આવવું.
- ગીત ગાવાનો અભ્યાસ છે તેવા શિક્ષાર્થી બંધુઓ કેટલાંક ગીતો કંઠસ્થ કરીને વર્ગમાં આવે જેથી બૌદ્ધિક વર્ગમાં વ્યક્તિગત ગીત ગાવામાં ઉપયોગી બનશે.
- કિંમતી વસ્તુઓ જેવીકે સોનાના દાગીના, મોબાઈલ ફોન, કેમેરા વગેરે શક્ય હોય તો સાથે લાવવી નહીં, લાવશો તો કાર્યલયમા જમા કરાવવાની રહેશે.
- સંઘ શિક્ષા વર્ગમાં આપણે સૌ સંઘકાર્યની સાધના કરવા માટે આવવાના છીએ. સાધનાના આ સમય દરમિયાન વર્ગમાંથી દૂરભાષ કરવાની વ્યવસ્થા રહેશે નહીં. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. અનિવાર્ય હશે તો દૂરભાષથી આવેલ સંદેશ શિક્ષાર્થીને પહોંચાડવામાં આવશે.
- વર્ગસ્થાન પર સંઘ સાહિત્ય ઉપલબ્ધ રહેશે. તે માટે જરૂરી રોકડ રકમ લાવવી ઉપયોગી રહેશે.
- પોતાનો વ્યક્તિગત પરિચય પત્ર અને વૈદ્યકીય પ્રમાણ પત્ર જીલ્લા કાર્યવાહને દિ. ૩૦ - એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં જમા કરાવવાનું રહેશે.